# ૫ વર્ષ પૂર્ણ કરનારને પ્રવેશના નિર્ણયને સ્થગિત કરી શકાય છે

## શિક્ષણ વિભાગ વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરી શકે છે : સત્તાવાર નિર્ણય આગામી એક-બે દિવસમાં લેવાશે

અમદાવાદ, તા.૦૨

રાજ્યમાં પહેલી જૂને પાંચ વર્ષ પુરા થતા હોય તેવા વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવાનો રાજ્ય સરકારના શિક્ષણંત્રી વિભાગ દ્વારા કરાયો છે. જેના કારણે રાજ્યમાં અંદાજે ૮૦,૦૦૦ બાળકો ચાલુ વર્ષે પ્રવેશથી વંચિત રહે તેવી આશંકા સેવાઈ રહી છે. ત્યારે શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓના હિતમાં આ નિર્ણય વધુ એક વર્ષ માટે સ્થગિત કરવા અંગે વિચારણા હાથ ધરી છે જે અંગે સત્તાવાર નિર્ણય આગામી એક-બે દિવસમાં જાહેર કરવામાં આવશે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટની જોગવાઈના પાલન કરવા બાબતે પ્રાથમિક શિક્ષણ વિભાગ પરિપત્ર મુજબ ધોરણ-૧ માં પ્રવેશ માટે નવા વર્ષમાં ગ્રાન્ટેડ તેમજ સરકારી શાળાઓમાં થયેલી જૂન સુધી પાંચ વર્ષ પુરા કરનાર બાળકોને જ લાયક ગણવામાં આવશે.

શિક્ષણ વિભાગના આ પરિપત્રના કારણે રાજ્યના અંદાજે ૮૦ હજાર બાળકોનું ભવિષ્ય એક વર્ષ માટે રઝળી પડવાની દહેશત ઉભી થઈ હતી. જેના પગલે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે હાઈકોર્ટના હુકમના અમલીકરણને એક વર્ષનું એક્સટેન્શન આપીને હજારો બાળકોનું ભાવિ એક વર્ષ માટે રઝળી જતું અટકાવવા માટે ગંભીર વિચારણા હાથ ધરાઈ છે. આવનારા બે દિવસોમાં સરકાર આ અંગે સત્તાવાર જાહેરાત કરે તેવી શક્યતા છે. આ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે અમે આ અંગે વિચાર કરી રહ્યા છે સરકારના નિર્ણયની એક-બે દિવસમાં જાહેરાત કરાશે. હમણા આ અંગે કશું સ્પષ્ટ કરી શકાય નહીં.

ઉલ્લેખનીય છે કે શિક્ષણ વિભાગે પરીપત્ર જાહેર કરીને ૧લી જૂને પાંચ વર્ષ પુરા કરનાર બાળકોને જ ધોરણ-૧માં પ્રવેશ આપવાની જાહેરાત કરી હતી. જેને કારણે જેમણે ગત વર્ષ ધોરણ-૧ ભણવું પડે અને ફરી વાર ફી ભરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. આ ઉપરાંત ચાલુ વર્ષે પણ એક જુન સુધી પાંચ વર્ષ પુરા ન કરનાર બાળકોને પ્રવેશથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી.

## જાહેર વિતરણ વ્યવસ્થાના પ્રશ્નો અંગે ૪થીએ લોકદરબાર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના જાહેર વિતરણ વ્યવસ્થાની મુશ્કેલીઓ અને પ્રશ્નોને સાંભળવા માટે રાજયના નાગરિક પુરવઠા વિભાગના રાજય મંત્રી શ્રી છત્રસિંહ મોરીએ ૪થી જુના રોજ એક લોકદરબાર યોજવાનો નિર્ણય કર્યો છે. સ્ટાફ ટ્રેનીંગ કોલેજ સે-૧૭ ખાતે બપોરે ૩ થી ૬ કલાક આ નવતર લોક-દરબારનું આયોજન કરાયું છે.

જાહેર વિતરણ વ્યવસ્થાને સરકારે વધુ પારદર્શિતા બક્ષી છે હવે કુપન અને રેશનકાર્ડમાં બારકોડેડ પ્રથા અમલી બની છે. ત્યારે પ્રથમવાર લોકોની સમસ્યાઓ શું છે તેમજ વધુ પારદર્શકતા કેવી રીતે આવી શકે તેના પર આ લોક દરબારમાં ચિંતન કરવામાં આવનાર છે.

તંત્ર દ્વારા આ લોક દરબારના આયોજને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા અંગેનું એક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

## વરઘોડા માટેની ઘોડી મોડી પડતા તપાસ કરવા નિકળેલ યુવાનને કાળ ભેટ્યો

### રાધીવાડ ગામે બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં બાઈક ચાલકનું મોત અન્ય બે ગંભીર

ખેડબ્રહ્મા, તા. ૨

તાલુકાના રાધીવાડ ગામ પાસે કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવારનું ઘટના લઈને નિકળેલ યુવાનો આગીયાગામ પાસે પહોંચતા કાર અને બાઈક વચ્ચે અકસ્માત થઈ જવા પામ્યો હતો. અકસ્માતમાં બાઈક ચલાવનાર ગોલવાડના યુવાન

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે વ્યક્તિઓ ઘાયલ થતા નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ મેત્રાલ ગામમાં લગ્ન પ્રસંગમાં વરોડાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે વરઘોડાનો સમય થઈ ગયો હોવા છતાં ઘોડાવાળા હાજર થયા ન હતા. જેની તપાસ કરવા માટે બાઈક ફુલાજી રમેશજી ઠાકોર (ઉં.વ.૩૦)નું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. તેમજ બાઈક પર બેઠેલ પોપટભાઈ પુંજાભાઈ ઠાકોર (ઉં.વ.૨૬) અને ચતુરજી ધુળાજી ઠાકોર (ઉં.વ.૩૦)ને સામાન્ય ઈજાઓ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખેડબ્રહ્મા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીયત વધુ લથડતા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

## જનગણના કાર્યમાં ઉત્કૃષ્ટ સેવાઓ માટે અધિકારીઓ અને કર્મચારીઓને રાજયપાલએ સન્માનિત કર્યા

ગાંધીનગર, તા.૨

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજી દ્વારા આજે રાજભવન ખાતે વસ્તી ગણતરી કાર્યમાં ઉત્કૃષ્ટ સેવાઓ બદલ ગુજરાત-દમણ-દીવ અને દાદરા-નગર હવેલીના અધિકારીઓ અને કર્મચારીઓને જનગણના પદકોથી સન્માનિત કરાયા હતા.

જનગણના કાર્ય નિર્દેશાલય-ગાંધીનગર, ગુજરાત, ભારત સરકાર દ્વારા આયોજિત આ સન્માન સમારંભમાં રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે વસ્તી ગણતરીના કાર્ય સાથે સંકળાયેલા સૌ અધિકારી-કર્મચારીઓએ એક વિશાળ કવાયત ને સફળ બનાવવા માટે સખત પરિશ્રમ કર્યો છે તેના માટે તેમણે સૌને અભિનંદન આપ્યા હતા.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે જનગણના ૨૦૧૧નું કાર્ય વિશાળ સ્તર પર થયું હતું. ૧૨ લાખથી વધુ પરિવારોના ઘર સુધી જઈ ત્રણ સપ્તાહની અવધિમાં આ કાર્ય પૂર્ણ કરવાનું પડકારરૂપ હતું. અંતર્ગત રાજયના ૨૬ જિલ્લા, ૩૪૮ શહેર અને ૧૮૦૦૦થી વધુ ગામડાંઓ સમાવિષ્ટ કરાયાં હતાં.

રાજયપાલશ્રીએ કહ્યું હતું કે પ્રત્યેક દશ વર્ષીય જનગણના કાર્ય પછી આ કાર્ય સાથે જોડાયેલા તમામ કર્મીઓના નિષ્ઠાથી કરાયેલા કાર્યને સાર્વજનિક ઓળખ મળે તેવી એક પરંપરા રહી છે. તેમણે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ કાર્ય સાથે સંકળાયેલા અધિકારી-કર્મચારીઓને ઉચ્ચ પ્રકારના કાર્યની ગુણવત્તા અને કર્તવ્યનિષ્ઠા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે જે પ્રેરણાદાયી છે. રાજયના સામાન્ય વહીવટ વિભાગના અગ્રસચિવ સુશ્રી એસ. અર્પણાએ વસ્તી ગણતરીના કાર્ય સાથે જોડાયેલા સૌને તેમની કામગીરીને બિરદાવી અભિનંદન આપ્યા હતા. પ્રારંભમાં જનગણના કાર્ય નિર્દેશાલયના અધિક રજિસ્ટ્રાર જનરલ શ્રી દીપક રસ્તોગીએ તેમના સ્વાગત પ્રવચનમાં જનગણના કાર્યની વિશદ્ માહિતી આપી હતી. સંયુક્ત નિયામકશ્રી શ્રી એસ.ડી. ભાઈસારે આભારવિધિ કરી હતી.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની આજે વ્રજધામ વડોદરાના પૂજ્ય ૧૦૮ શ્રી ઈન્દીરા બેટીજીએ શુભેચ્છા મૂલાકાત લીધી હતી. પૂજ્ય ઈન્દીરા બેટીજીએ ગુજરાતની વિકાસયાત્રા અને સુશાસનની કાર્યશૈલીમાં મહિલા સુકાની તરીકે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને વધુ તેજ ગતિ-પ્રગતિની શુભેચ્છાઓ-આશીર્વાદ શાલ અને ઉપરણો અર્પણ કરીને આપ્યા હતા.

## પાણી પુરવઠા બોર્ડમાં નિવૃત્ત વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા નાયબ હિસાબનીશ ભરતભાઈ પંડ્યા અને ડી.બી. દવેનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. તા. ૩૧ મે ના રોજ પથિકાશ્રમ હોટલમાં યોજાયેલ વિદાય સમારોહમાં ઓફિસ સ્ટાફ દ્વારા બન્ને કર્મચારીઓની ૩૩ વર્ષની કામગીરીને બિરદાવવામાં આવી હતી. ભરતભાઈએ તેમના કાર્યકાળમાં બોર્ડના યુનિયન પ્રમુખ તરીકે બજાવેલી સેવાઓને પણ બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે બોર્ડના નાણા નિયંત્રક વી.આર. દવે, સિનિયર મેનેજર, બી.બી. ચૌહાણ, બોર્ડના પ્રમુખ પ્રવિણ સુતરિયા, ખજાનચી મહેન્દ્રસિંહ ચૌહાણ, દવેભાઈ સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્ટાફ દ્વારા વય નિવૃત્ત થતા બંન્ને કર્મચારીઓનુ જીવન સુખમય રીતે પસાર થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યાર બાદ સૌ કર્મચારીઓ સમૂહ ભોજન લઈ છુટા પડ્યા હતા.

## તલોદ પોલીસ મથકમાં વર્ષોથી વંચિત લોક દરબાર યોજવા રાજ્યકક્ષાએ કરેલી માંગ

તલોદ, તા. ૨

તલોદ પોલીસ મથકમાં છેલ્લા દસ વર્ષથી લોક દરબાર યોજાતા રહિશોએ જિલ્લા અને રાજ્ય કક્ષાએ લેખીત માંગ કરી છે. તલોદમાં છેલ્લા કેટલાય સમયથી કાયદો અને વ્યવસ્થા કથળી છે. ખાખી વર્ધી કોઈજ રોટકોટ વગર ખૂલ્લેઆમ હપ્તા ઉઘરાવતી તલોદ પોલીસમથક એક ધંધાદારી પેઢી બનાવી છે. કેટલાક ચુનંદા કર્મીઓ પોતાની વગથી સતત ચાર વખતથી તલોદમાં ફરજ બજાવે છે. તેમજ અન્ય કેસોમાં પણ તેમની સંડોવણી હોવા છતાં વારંવાર તલોદ પોલીસમથકમાં સંપૂર્ણ વહિવટકર્તા હોય છે. આવા વહિવટદારની આગવી સુઝથી કમાણી કરતા જિલ્લાકક્ષાના અધિકારી સુધી તેમની બોલબાલા હોય છે.

તલોદની આમ જનતામાં પડતી મુશ્કેલીઓ અને સલામતી અંગે થતી ફરીયાદો અંગે પોલીસ આંખ આડા કાન કરી સબ સલામતની ભાવના પ્રગટ કરે છે. તલોદ પોલીસમથકમાં કેટલીય ફરીયાદો ધૂળ ચાટતી જોવા મળી રહી છે. લોકોને ન્યાય અંગે આજીજી કરવી પડે છે. પોતાના ચુનંદા માણસોને સાચવી મસ મોટી કમાણી કરી રહ્યા છે. તલોદ પોલીસ બેડામાં કેટલાય કર્મીઓ કાયદાનું સરેઆમ ઉલ્લંઘન થતાં દુ:ખની લાગણી પણ અનુભવી રહ્યા છે. પોલીસની ફરજ સાથે સાથે આગવી જીપોને તેમજ અસામાજીક તત્વોને મોટા વ્યાજથી રકમો આપી મોટી કમાણી કરી રહ્યા હોવાનું પણ તલોદની જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

તલોદમાં કેટલાય અગ્રણીઓ જિલ્લા અનો રાજયકક્ષાએ લોકદરબાર યોજવા માગ કરી પોતાની ફરીયાદો ઉચ્ચકક્ષાએ પહોંચાડવા અનેક પ્રયાસો કર્યા હોવા છતાં છેલ્લા દસ વર્ષથી કોઈજ લોકદરબાર કે કાનુની સલાહ સૂચન ન થતા લોકોમાં કાયદાના રક્ષકો પરથી વિશ્વાસ ગુમાવી રહ્યાં છે. તલોદની આમ જનતા સત્વરે ઉચ્ચકક્ષાએથી લોકદરબાર યોજી કેટલાય કર્મીઓમાં ફેરફાર કરી સાચા અધિકારીની માંગ કરી રહ્યા છે. અને કાયદો અને વ્યવસ્થા ફરીથી જાળવી રખાય તેવી લોકોની જન માગણી કરી રહ્યા છે. જો અન્વયે યોગ્ય ઉકેલ નહિ થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે જન આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.


## જિલ્લા પ્રભારી મંત્રીઓ નિમાયા

| મંત્રીશ્રી | પ્રભારી મંત્રીશ્રી તરીકે ફાળવેલ જિલ્લા | સહ પ્રભારી મંત્રીશ્રી તરીકે ફાળવેલ જિલ્લા |
|---|---|---|
| નીતિનભાઈ પટેલ | ગાંધીનગર, ખેડા, વડોદરા, રાજકોટ | - |
| રમણલાલ વોરા | પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર | - |
| ભુપેન્દ્રસિંહ ચુડાસમા | મહેસાણા, પંચમહાલ, દાહોદ | - |
| સૌરભ પટેલ | બોટાદ, ભાવનગર, સુરત | - |
| ગણપતભાઈ વસાવા | નર્મદા, વલસાડ, ડાંગ | - |
| બાબુભાઈ બોખીરીયા | દેવભૂમિદ્વારકા, જામનગર, જૂનાગઢ | - |
| **રાજ્ય મંત્રીશ્રીઓ** | | |
| શ્રી દિલીપકુમાર ઠાકોર | - | મહેસાણા, ખેડા |
| વસુબેન ત્રિવેદી | મોરબી, અમદાવાદ જી. | - |
| પ્રદિપસિંહ જાડેજા | મહીસાગર, ભરૂચ | - |
| છત્રસિંહ મોરી | આણંદ | - |
| જયદ્રથસિંહજી પરમાર | છોટાઉદેપુર | - |
| રજનીકાંત પટેલ | સાબરકાંઠા, અરવલ્લી | - |
| ગોવિંદભાઈ પટેલ | ગીર સોમનાથ | - |
| નાનુભાઈ વાનાણી | તાપી, નવસારી | - |
| જયંતિભાઈ કવાડિયા | પોરબંદર, અમરેલી | - |
| શંકરભાઈ ચૌધરી | કચ્છ, અમદાવાદ શહેર | - |
| તારાચંદ છેડા | - | બનાસકાંઠા, સુરેન્દ્રનગર |
| જયેશકુમાર રાદડીયા | - | જામનગર, ભાવનગર |
| બચુભાઈ ખાબડ | - | તાપી |
| કાંતિભાઈ ગામીત | - | છોટાઉદેપુર |

## શહેર પેન્શનર્સ સમાજની બેઠક મળશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૫-૬-૨૦૧૪ને ગુરુવારના રોજ સંસ્થાના કાર્યાલય, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે સાંજે ૫.૩૦ વાગે મળશે. આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા થશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોને તા. ૩૧-૫-૨૦૧૪ સુધીમાં મળેલ માર્કશીટની નકલો સાથે લઈને અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

## શબ્દાવલી - ૫૪૦૭



### આડી ચાવી

૧. ફરતા રામ (૫)
૪. પાઘડી (૨)
૬. સીમા (૨)
૭. વસવાટ કરનાર, રહેનાર(૪)
૮. કામના-ઇચ્છાથી કરેલ(૩)
૧૦. આમંત્રણ, નોતરું (૩)
૧૩. લાજ, લજ્જા (૩)
૧૪. સાચા બોલ (૪)
૧૬. સિંહની ગરદન પરનાં વાળ (૨)
૧૭. પ્રતિષ્ઠા, મોભો (૨)
૧૮. સમયનું એક માપ (૨)
૧૯. તરબોળ (૫)
૨૦. સામસામા સવાલ જવાબ (૫)
૨૧. મુરબ્બી, સહાય કરનાર(૨)

### ઊભી ચાવી

૧. ગુપ્તતા, સસ્પેન્સ (૩)
૨. અભિમાન (૨)
૩. મર્મ, ભાવ (૩)
૪. માટી ઉસેડવાનું સાધન(૩)
૫. મકાન, રહેઠાણ (૨)
૮. જળ ભરેલું, આંસુ ભરેલ(૩)
૯. સાંભળવાની ઇન્દ્રિય (૨)
૧૦. એક પ્રકારનું જંતુ (૩)
૧૧. બરફના કણનો વરસાદ પડે તેને... પડ્યા કહેવાય (૨)
૧૨. આકાશ (૩)
૧૩. લુચ્ચા પ્રાણીની એક જાત(૪)
૧૪. કીડાઓથી તળે ઉપર થતું હોય તેવું (૪)
૧૫. 'બે પરવા' શબ્દ આડોઅવળો (૪)
૧૭. દરકાર (૩)
૧૯. લોઢી, નાનકડો તવો (૨)

### શબ્દાવલી ૫૪૦૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) બાલિશતા (૪) કાવદ (૬) રડસમ (૭) વળમ (૮) દમક (૧૦) કાખ (૧૨) વનરાજ (૧૫) પાંસળી (૧૭) ચાર (૧૮) લૉ (૧૯) સંતુર (૨૧) લીલવા (૨૨) મધરાત

**ઊભી ચાવી :-** (૧) બાણાવળી (૨) શરમ (૩) તાડ (૪) કાસદ (૫) ડણક (૯) મલ્લ (૧૦) કાન (૧૧) ખરા (૧૨) વળી (૧૩) જરાસંધ (૧૪) કસરત (૧૫) પાંચાલી (૧૬) સરલ (૨૦) તુરા

## કંપની સમાચાર

### ગુગલ આવ્યો ગુજરાત : ભારતમાં ગુગલ એપ્સની પ્રીમિયર રિસેલર્સ શિવામી ક્લાઉડ સર્વિસિસ અને ગુગલનું સંયુક્ત સાહસ

અમદાવાદની હોટલ રીજન્ટા ખાતે ૫ જૂનનાં રોજ યોજાનારી ઈવેન્ટ ગુગલ આવ્યો ગુજરાત તમારા બિઝનેસ માટે ક્લાઉડ કમ્પ્યુટિંગ અંગે તમા પ્રકારની માહિતી પુરી પાડશે અને તમને સ્પર્ધાત્મક લાભ અપાવશે. આ કાર્યક્રમનું આયોજન ભારતમાં ગુગલ એપ્સની પ્રીમિયર રિસેલર શિવામી ક્લાઉડ સર્વિસિસે કર્યું છે. ભારતમાં ગુગલ એપ્સ ફોર બિઝનેસના વેચાણમાં શિવામી પ્રથમ ક્રમે અને એશિયા પેસિફિક દેશોમાં ત્રીજા ક્રમે છે. ગુગલ આવ્યો ગુજરાત તમારી વેપાર ઉત્પાદકતાને એક નવા સ્તર પર લઈ જવાની સાથે સાથે ગુજરાતની ઉદ્યોગસાહસિક વૃત્તિને સલામ કરે છે. ક્લાઉડ કમ્પ્યુટિંગમાં લીડર તરીકે ગુગલ તમે અને તમારી ટીમનો સંપર્ક કરાવીને કોઈ પણ સ્થળેથી કોઈ પણ ડીવાઈસ દ્વારા તમારૂ કામ કરાવી આપશે. આ ઈવેન્ટમાં ડેલીગેટ્સ ગુગલના ક્લાઉડ-કમ્પ્યુટિંગ નિષ્ણાંતો સાથે વ્યક્તિગત (વન-ઓન-વન) સેશન કરીને પોતાને નડતી સમસ્યાનો ઉકેલ લાવી શકશે અને આજના ઝડપથી ગતિ કરેલા વિશ્વમાં વધુ સ્માર્ટ રીતે કામ કરવામાં મદદ કરશે.

શિવામી પાંચ વર્ષથીયે વધુ સમયથી બિઝનેસ માટે ગુગલ એપ્સનું વેચાણ કરી રહી છે. ભારત અને વિદેશમાં ગુગલ એપ્સ બિઝનેસ માટે તેના ૧૫૦૦ થી વધુ એસએમબી ક્લાયન્ટસ છે. શિવામી પાસે ગુગલમાં તાલીમ મેળવેલી સપોર્ટ ટીમ છે, જે ગ્રાહકોને ચોવીસે કલાક મદદ પુરી પાડે છે. શિવામી તેના ગ્રાહકોને કસ્ટમાઈઝડ સપોર્ટ પુરો પાડવા ભારતીય બિઝનેસક્ષેત્રમાં અતુલનીય અનુભવ અને નિપુણતાનો લાભ આપે છે. તેમની ટીમ દેશભરમાં ફેલાયેલી છે, જે અમદાવાદ, વડોદરા, બેંગલોર, ચેન્નાઈ, મુંબઈ, પૂણે અને સુરતમાં પોતાની હાજરી ધરાવે છે. શિવામી તેના ગ્રાહક કેન્દ્રી અભિગમને કારણે બધાંથી અનોખી તરી આવે છે, જેને કારણે બિઝનેસ એકમો તેમની ચોક્કસ જરૂરિયાતો માટે ઝડપથી સોલ્યુશન્સ મેળવી શકે છે.

## સંગઠન વિખેરી દેવાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રદેશ સમિતિના સૂત્રોમાંથી મળતા સંકેતો પ્રમાણે સંગઠનની પુનઃ રચના ૧૫ જુન પહેલા પૂર્ણ કરી દેવામાં આવશે. આ માટેની સત્તાઓ શહેર પ્રમુખને જ આપવામાં આવી છે. જેમાં મહિલાઓ અને યુવાઓની પસંદગી પર પુરતો ભાર મુકવામાં આવ્યો છે.

ગાંધીનગર(ઉ) વિધાનસભા મતવિસ્તારમાં પ્રથમવાર ભાજપને ૨૦ હજારથી પણ વધુ મતની સરસાઈ મળી છે અને આ બાબતને પ્રદેશ નેતાગીરીએ અત્યંત ગંભીરતાથી લઈ તાત્કાલિક અસરથી સંગઠનના માળખાને વિખેરવાનો નિર્ણય લીધો છે.

## કમોસમી વરસાદ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાવાઝોડા સાથે કમોસમી વરસાદ થવા પામ્યો હતો. તો કેટલાક વિસ્તારોમાં વાદળછાયા વાદળો સાથે ધૂળની ડમરીઓની ભારે પવન સાથે આંધી ફુંકાઈ હતી.

રાજ્યના પૂર નિયંત્રણ કક્ષ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના હવામાનમાં પલટો આવવા પામ્યો હતો અને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદના ઝાપટા પડવા પામ્યા હતા. વરસાદી ઝાપટા પડતાં લોકોએ ગરમીથી રાહત મેળવી હતી. સાબરકાંઠા ઉપરાંત પાટનગરના હવામાનમાં પણ બપોર બાદ પલટો આવવા પામ્યો હતો. પાટનગર ગાંધીનગર શહેરમાં આજે સવારથી જ ભારે ગરમી અને ઉકળાટ અનુભવાઈ રહ્યો હતો. બપોર બાદ હવામાન પલટાતા ગરમી સાથે જ ધૂળની ડમરીઓ અને પવનની આંધી ફૂંકાતા ઉકળાટથી લોકોએ રાહતનો દમ લીધો હતો. બપોર બાદ હવામાનમાં આવેલા પલટાને કારણે રાજ્યના કેટલાક વિસ્તારોમાં કરા સાથે કમોસમી વરસાદ થવા પામ્યો હતો.

## વિશ્વપર્યાવરણ દિને...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ક્રમાંકે વિજેતા થયેલા સ્પર્ધકોને અનુક્રમે રૂપિયા ૫૦૦૦/, ૨૫૦૦/ અને ૧૦૦૦/નો પુરસ્કાર આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા આવનાર સ્પર્ધકોને આયોજકો તરફથી ડ્રોઇંગ શીટ, કલર ક્રેયોન્સનો એક સેટ, પેન્સિલ, રબર, અને શાર્પનર આપવામાં આવશે. ચિત્ર સ્પર્ધાના સ્પર્ધકો પોતાના કલર પણ લાવી શકશે. તેમજ ચિત્ર દોરવા ટેકા માટે જરૂરી ડ્રોઇંગ બોર્ડ કે પેડ સાથે લાવવાનું રહેશે.

સ્વચ્છ ગાંધીનગર, હરિયાળું ગાંધીનગર અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા તા. ૪ થી ૬ જૂન દરમ્યાન સેકટર ૨૧ ખાતે ખાસ સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવશે. જેમાં સેકટર ૨૧ને પ્લાસ્ટિક મુક્ત અને સેકટરના તમામ વિસ્તારમાંથી ગંદકી દૂર કરવામાં આવશે. આ માટે મહાનગર પાલિકા દ્વારા બપોર બાદ ૧૫૦ જેટલા સફાઈ કામદારોને સેકટરમાં શરૂ થયેલ સફાઈ ઝુંબેશમાં લગાવવામાં આવશે.

મહાનગર પાલિકા, ગાંધીનગર તા.૫મી જૂનના રોજ સવારના ૯.૦૦ કલાકે સ્વચ્છતા રેલીનું આયોજન સેકટર ૨૧, જીમખાનાના ક્રિકેટ મેદાન ખાતેથી કરવામાં આવ્યું છે. આ રેલી અંદાજે ૨૦૦૦ જેટલા નાગરિકો અને બાળકો જોડાશે. આ રેલી બેનર્સ અને સૂત્રોચ્ચાર કરીને સેકટરના મુખ્ય માર્ગ પર ફરશે.

## ઓચિંતી મુલાકાત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાજરી આપવા રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી જવાના હતા પરંતુ અનિવાર્ય કારણોસર છેલ્લી ઘડીએ તેઓ હાજરી આપી શક્યા ન હતા.

મળતી વિગતો પ્રમાણે ગ્રામસભા અભિયાનને રાજ્ય સરકારે અતિગંભીરતાથી લીધુ છે અને તેના છેલ્લા વરણમાં હવે સરકારના અધિકારીઓ તેમજ મંત્રીઓ અચાનક જ ત્યાં પહોંચી રહ્યા છે.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકારે તમામ પ્રભારી સચિવોને પણ ગ્રામસભામાં હાજરી આપવા તથા જિલ્લા કલેક્ટરોને પણ જવા જણાવ્યું છે. આમ ગ્રામસભા અભિયાનની પાંખી હાજરી અને પ્રજાના પ્રશ્નોના ઉકેલ પરત્વે તંત્રની ઉદાસીનતાને ખંખેરવાનો સંકલ્પ રાજ્યની નવી સરકારે કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે દરેક જિલ્લાને લોકોની હાજરી રજુ થયેલા પ્રશ્નો તેમાંથી ઉકેલ કેટલાનો આવ્યો અને કયા તબક્કે પ્રશ્નો પડતર કેટલા સમયથી છે તેની વિગતો સાથેનો અહેવાલ આપવા પણ તંત્રને કડક તાકીદ કરી છે અને હવે પછી મળનારી કેબિનેટમાં તેની સમીક્ષા કરાશે તેમ મનાઈ રહ્યું છે.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે ગ્રામીણ મતદારો પર ભાજપની પક્કડને મજબુત બનાવવાનો પડકાર ઉપાડી લઈ આ અભિયાનને અવસરમાં પલ્ટાવવાનું મન બનાવી લીધુ છે. તેમણે ગ્રામસભા અભિયાન ઉપરાંત કૃષિ મહોત્સવમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુંછે.

શ્રીમતિ પટેલે ગાંધીનગર જિલ્લાની બે ગ્રામસભામાં હાજરી પણ આપી હતી તો મહિલા ખેડૂત સંમેલનનું આયોજન પણ નવમી જૂનના રોજ મહાત્મા મંદિરે કર્યું છે જે તેના સીધા સંકેત છે.

